હરિ ૐ

પૂજ્ય સંતશ્રી આસારામજી

મૌન પરમ સાધના આશ્રમ ભૈરવી-પ્રેરિત

"दिव्यंगत"

સદ્‌ગતને ! અંજલિ !!

શાંતિપાઠ

"ઇશ્વર કે સિવાય કહિ ભી મન
લગાયા તો અન્તમે રોના હિ પડેગા"
પ.પૂ. સંતશ્રી આશામજી બાપુ

હરિ ..... ૐ .... હરિ ...... ૐ ....
હરિ ..... ૐ .... હરિ ...... ૐ ....

શ્રી સદ્‌ગુરૂ પરમાત્માને નમઃ ॥

ગૂરૂ સ્તવન

ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુઃ ગુરૂર્દેવો મહેશ્વરઃ ।
ગુરૂસાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥
ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥
અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિ ।
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્વમસ્યાદિલક્ષ્યમ્ ॥
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતં ।
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરૂં તં નમામિ ॥

卐

શાંતિ - પ્રાર્થના

(છંદ : હરિગીત)

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ
શરણું મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો.
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો., ...૧

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે.
લક્ષ ચોર્યાસી બંધનોને લક્ષમાં લઇ કાપજો.
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો., ...૨

સુસંપતિ, સુવિચારનો સત્કર્મોનો દઇ વારસો
જન્મો જન્મ તવભક્તિથી કીરતાર પાર ઉતારજો.
આ લોકને પરલોકમાં તવ પ્રેમ રગ રગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો, ...૩

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી.
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો, ...૪

અસત્યો માહેથી

અસત્યો માહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા,
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઇ જા,
તું હીણો હું છું તો, તુજ દરશનાં દાન દઇ જા.

ૐ તત્સત્ શ્રી નારાયણ તૂં
પુરુષોત્તમ ગુરુ તૂં.
સિદ્ધબુદ્ધ તૂં સ્કન્ધ વિનાયક,
સવિતા પાવક તૂં.
બ્રહ્મ મજદ તૂં, યહવ શક્તિ તૂં.
ઈશુ પિતા પ્રભુ તૂં.
રુદ્ર વિષ્ણું તૂ, રામકૃષ્ણ તૂં,
રહિમતાઓ તૂં.
વાસુદેવ ગો વિશ્વરૂપ તૂં
ચિદાનંદ હરિ તૂં.
અદ્વિતીય તૂં, અકાલ નિર્ભય,
આત્મ-લિંગ શિવ તૂં.

•

"સંત-શરણ, પ્રભુ સ્મરણ અને
ધ્યાનથી બેડો પાર થશે."

- પ.પૂ. સંતશ્રી આસારામજી બાપુ

ભગવત ગીતાનાં સાતમા અધ્યાયનું માહાત્મ્ય

ભગવાન શિવજી બોલ્યા : હે પાર્વતી ! હવે હું સાતમા અધ્યાયનું માહાત્મ્ય કહું છું જે સાંભળવાથી કાનોમાં અમૃતરાશિ ભરાઈ જાય છે.

પાટલીપુત્ર નામે એક દુર્ગમ નગર છે. તેનું ગોપુર (દ્વાર) બહુ ઊંચું છે. તે નગરમાં શંકુકર્ણ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેણે વૈશ્યવૃત્તિ દ્વારા ઘણું ધન મેળવ્યું હતું. પરંતુ તેણે ક્યારેય ન તો પિતૃતર્પણ કર્યું કે ન દેવપૂજા કરી. તે ધનોપાર્જનમાં તત્પર રહી રાજાઓને ભોજનાદિ આપતો.

એક સમયની વાત છે. તે બ્રાહ્મણ પોતાનાં ચોથાં લગ્ન માટે પુત્રો અને બંધુઓ સાથે યાત્રાએ નીકળ્યો. રસ્તામાં મધ્યરાત્રિએ જ્યારે તેઓ સૂતા હતા ત્યારે ક્યાંકથી આવીને સાપે તેનેહાથમાં દંશ દીધો. તેના દંશથી એવી સ્થિતિ થઈ કે મણિ, મંત્ર, ઔષધિ વગેરેથી પણ તેની શરીરરક્ષા અસાધ્ય જણાઈ. તે પછી થોડી જ વારમાં તેનું પ્રાણપંખેરું ઊડી ગયું. કેટલાક સમય પછી તે સર્પયોનિમાં જન્મ્યો. તેનું ચિત્ત ધનની વાસનામાં બંધાયેલું હતું. તેણે પૂર્વના વૃત્તાંતનાં સ્મરણ કરી વિચાર્યું : 'મેં જે ઘરની બહાર કરોડોની સંખ્યામાં ધન દાટી રાખ્યું છે તેનાથી આ પુત્રોને વંચિત કરી જાતે જ તેની રક્ષા કરીશ.'

એક દિવસ સર્પયોનિથી પીડિત થઈ પિતાએ સપનામાં

પોતાના પુત્રો સામે આવી પોતાની ઇચ્છા જણાવી ત્યારે તેના નિરંકુશ પુત્રોએ સવારે ઊઠી ઘણા વિસ્મય સાથે એક બીજાને સપનાની વાત કરી. એમાનામાંથી વચેટ પુત્ર કોદાળી હાથમાં લઇ ઘેરથી નીકળ્યો અને જ્યાં તેના પિતા સર્પયોનિ ધારણ કરી રહેતા હતા ત્યાં ગયો. જો કે તેને ધનના સ્થાનની પાકી ખબર નહોતી તો પણ નિશાનીઓથી તેણે સ્થાનનો નિશ્ચય કરી લીધો અને લોભબુદ્ધિથી ત્યાં જઇ દર ખોદવાનું શરૂ કર્યું. ત્યારે પેલા દરમાંથી એક ભયાનક સાપ નીકળ્યો અને બોલ્યો :

'હે મૂર્ખ ! તુ કોણ છે ! શા માટે આવ્યો છે ! અને દર કેમ ખોદે છે ? તને કોણે મોકલ્યો છે ? એ બધું મને કહે ?'

પુત્ર બોલ્યો : 'હું આપનો પુત્ર છું. મારું નામ શિવ છે. મેં રાત્રે જોયેલા સ્વપ્ન થી વિસ્મિત થઇ અહીં દાટેલ સોનું લેવાના હેતુથી આવ્યો છું.'

પુત્રની આ વાત સાંભળી તે સાપ હસીને ઉચ્ચ સ્વરે સ્પષ્ટ વાણીમાં આ પ્રમાણે બોલ્યો : 'જો તું મારો પુત્ર હોય તો જલદીથી મને બંધનમાંથી મુક્ત કર. હું પૂર્વજન્મના દટાયેલા ધનની રક્ષા માટે જ સર્પયોનિમાં જન્મ્યો છું.'

પુત્રે પૂછયું : 'પિતાજી ! આપની મુક્તિ કઇ રીતે થશે ? તેનો ઉપાય મને બતાવો, કારણ કે હું આ રાત્રિમાં બધાને છોડીને આપની પાસે આવ્યો છું.'

પિતા બોલ્યા : 'બેટા ! ગીતાના અમૃતમય સાતમા અધ્યાય સિવાય મને મુક્ત કરવા તીર્થ, દાન, તપ અને યજ્ઞ

પણ કોઇ રીતે સમર્થ નથી. ફક્ત ગીતાનો સાતમો અધ્યાય જ પ્રાણીઓને જરા મૃત્યુ વગેરે દુઃખોમાંથી મુક્ત કરનાર છે. પુત્ર ! મારા શ્રાદ્ધના દિલસે સાતમાં અધ્યાયનો પાઠ કરનાર બ્રાહ્મણને ભોજન કરાવજે. તેનાથી નિઃસંદેહ મારી મુક્તિ થશે. હે વત્સ ! પોતાની શક્તિ અનુસાર પૂર્ણ શ્રદ્ધ સાથે વેદવિદ્યામાં પ્રવીણ બીજા બ્રાહ્મણોને પણ ભોજન કરાવજે.'

સર્પયોનિમાં પડેલા પિતાના આ વચનો સાંભળી બધા પુત્રોએ એની આજ્ઞાનુસાર તથા એથી પણ વિશેષ કર્યું. ત્યારે શંકુકર્ણે પોતાના સર્પશરીરનો ત્યાગ કરીને દિવ્ય દેહ ધારણ કર્યો અને બધું ધન પુત્રોને આધીન કરી દીધું. પિતાએ કરોડોની સંખ્યામાં જે ધન વહેંચી આપ્યું હતું તેનાથી તે સદાચારી પુત્રો ઘણા પ્રસન્ન થયા. તેમની બુદ્ધિ ધર્મકાર્યોમાં લાગેલી હતી. તેથી તેમણે વાવ, કૂવા, સરોવર, યજ્ઞ તથા દેવમંદિરો માટે એ ધનનો ઉપયોગ કર્યો અને અન્નક્ષેત્રો પણ ખોલાવ્યાં.

તે પછી સાતમા અધ્યાયનો હંમેશાં જપ કરતાં મોક્ષને પામ્યા.

હે પાર્વતી ! આ તમને સાતમા અધ્યાયનું માહાત્મ્ય સમજાવ્યું જેના શ્રવણ માત્રથી મનુષ્યો સર્વ પાપોથી મુક્ત થઇ જાયછે.

અધ્યાય સાતમો : જ્ઞાનવિજ્ઞાનયોગ

છઠ્ઠ અધ્યાયના છેલ્લા શ્લોકમાં ભગવાને કહ્યું કે 'અંતરાત્માને મારામાં પરોવી જે શ્રદ્ધા તથા પ્રેમપૂર્વક મને ભજે છે, તે સર્વના પ્રકારના યોગીઓ કરતાં ઉત્તમ યોગી છે.' પરંતુ

ભગવાનના સ્વરૂપ, ગુણ અને પ્રભાવની જ્યાં સુધી મનુષ્યને ખબર પડતી નથી. ત્યાં સુધી તેના દ્વારા અંતરાત્માથી નિરંતર ભજન થવું મુશ્કેલ છે. વળી ભજનના પ્રકાર પણ જાણવા આવશ્યક છે. એટલા માટે ભગવાન, પોતાના ગુણપ્રભાવ સહિત સ્વરૂપનું તથા જુદા જુદા પ્રકારના ભક્તિયોગનું આ સાતમાં અધ્યાયમાં વર્ણન કરે છે. તેમાં પ્રથમ તેને સાવધાન થઇ સાંભળવાની પ્રેરણા કરી જ્ઞાનવિજ્ઞાનને કહેવાની પ્રતિજ્ઞા કરેછે.

શ્રી ભગવાનુવાચ । શ્રી ભગવાન બોલ્યા :
મયિ આસકતમનાઃ પાર્થ, યોગમ્ યુંજન્ મદાશ્રયઃ
અશંસયમ્ સમગ્રમ્ મામ્, યથા જ્ઞાસ્યસિ તત્ શ્રૃણુ ॥૧॥

હે પાર્થ ! મારામાં મન લગાડી મારો આશ્રય લઇ યોગ સાધતાં તું સંશયરહિત થઇને મને સમગ્રપણે જે રીતે જાણી શકે તે સાંભળ (૧)

જ્ઞાનમ્ તે અહમ્ સવિજ્ઞાનમ્, ઈદમ્ વક્ષ્યામિ અશેષતઃ
યત્ જ્ઞાત્વા ન ઈહ ભૂયઃ, અન્યત્ જ્ઞાતવ્યમ્ અવશિષ્યતે ॥૨॥

હું તને વિજ્ઞાન (અનુભવજ્ઞાન) સહિત આ જ્ઞાન સંપૂર્ણ કહું છું. તેને જાણ્યા પછી આ લોકમાં બીજાુ વિશેષ જાણવા જેવું બાકી રહેતું નથી. (૨)

મનુષ્યાણામ્ સહસ્ત્રેષુ, કશ્ચિત્ યતતિ સિદ્ધયે
યતૃતામ્ અપિ સિદ્ધાનામ્, કશ્ચિત્ મામ્ વેત્તિ તત્ત્વતઃ ॥૩॥

હજારો મનુષ્યોમાં કોઇક જ સિદ્ધિ માટે યત્ન કરે છે; એ યત્ન કરતાં સિદ્ધોમાં પણ કોઇક જ મને સત્યસ્વરૂપ જાણે છે. (૩)

ભૂમિઃ આપઃ અનલઃ વાયુઃ, ખમ્ મનઃ બુદ્ધિ એવ ચ
અહંકાર ઈતિ ઈયમ્ મે, ભિન્ના પ્રકૃતિઃ અષ્ટધા ॥

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર એમ આઠ પ્રકારે વિભાગ પામેલી મારી આ પ્રકૃતિ છે. (૪)

અપરા ઈયમ્ ઈતઃ તુ અન્યામ્, પ્રકૃતિમ્ વિદ્ધિ મે પરામ્ ।
જીવભૂતામ્ મહાબાહો, યયા ઈદમ્ ધાર્યતે જગત્ ॥૫॥

આ પ્રકૃતિ અપરા (જડ) છે, પણ હે મહાબાહો ! આથી બીજી મારી પરા-ચેતન પ્રકૃતિને જીવરૂપ તું જાણ, કે જેના વડે આ જગત ધારણ કરાય છે. (૫)

એતદ્યોનીનિ ભૂતાનિ, સર્વાણિ ઈતિ ઉપધારય
અહમ્ કૃતસ્નસ્ય જગતઃ, પ્રભવઃ પ્રલયઃ તથા ॥૬॥

સર્વભૂતો આ (બે) પ્રકૃતિરૂપ ઉત્પત્તિસ્થાનવાળાં છે, એમ તું જાણ; અને સમગ્ર જગતનો ઉત્પાદક તથા સંહારક હું છું. (૬)

મત્તઃ પરતરમ્ ન અન્યત્, કિંચિત અસ્તિ ધનંજય ।
મયિ સર્વમ્ ઈદમ્ પ્રોતમ્, સૂત્રે મણિગણાઃ ઈવ ॥૭॥

હે ધનંજય ! મારાથી અધિક શ્રેષ્ઠ બીજાું કંઇ નથી. દોરામાં મણકાઓના સમૂહની પેઠે આ સર્વ મારા પરોવાયેલું છે. (૭)

રસઃ અહમ્ અપ્સુ કૌન્તેય, પ્રભા અસ્મિ શશિસૂર્યયોઃ
પ્રણવઃ સર્વવેદેષુ, શબ્દઃ ખે પૌરુષમ્ નૃષુ ॥૮॥

હે કુંતીપત્ર ! જળમાં રસ હું છું ! ચંદ્ર અને સૂર્યમાં તેજ હું છું ! સર્વ વેદોમાં પ્રણવ (ૐકાર), આકાશમાં શબ્દ અને પુરુષોમાં પુરુષત્વ હું છું. (૮)

પુણ્યઃ ગન્ધઃ પૃથિવ્યામ્ ચ, તેજઃ ચ અસ્મિ વિભાવસૌ
જીવનમ્ સર્વભૂતેષુ , તપઃ ચ અસ્મિ તપસ્વિષુ ॥૯॥

વળી પૃથ્વીમાં પવિત્ર ગંધ અને અગ્નિમાં તેજ હું છું. સર્વ પ્રાણીઓમાં જીવન અને તપસ્વીઓમાં તપ હું છું. (૯)

બીજમ્ મામ્ સર્વભૂતાનામ્, વિદ્ધિ પાર્થ સનાતનમ્
બુદ્ધિઃ બુદ્ધિમતામ્ અસ્મિ, તેજઃ તેજસ્વિનામ્ અહમ્ ॥૧૦॥

હે અર્જુન ! સર્વ ભૂતોનું સનાતન બીજ (કારણ) તું મને જાણ. બુદ્ધિમાનોની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ હું છું. (૧૦)

બલમ્ બલવતામ્ ચ અહમ્, કામરાગવિવર્જિતમ્
ધર્માવિરુદ્ધઃ ભૂતેષુ , કામઃ અસ્મિ ભરતર્ષભ ॥૧૧॥

કામ અને રાગ વિનાનું બળવાનોનું બળ હું છું. હે ભરતશ્રેષ્ઠ ! પ્રાણીઓમાં રહેલો ધર્માનું કૂળ જે કામ (અન્નપાન આદિની ઈચ્છા) તે પણ હું છું. (૧૧)

યે ચ એવ સાત્વિકાઃ ભાવાઃ, રાજસાઃ તામસાઃ ચ યે
મત્તઃ એવ ઇતિ તાન્ વિદ્ધિ, ન તુ અહમ્ તેષુ તે મયિ ॥૧૨॥

વળી સત્ત્વિક, રાજસિક તથા તામસિક જે ભાવો છે, તેઓ મારાથી જ ઊપજેલા છે એમ તું જાણ. હું તેઓમાં નથી. પરંતુ તેઓ મારામાં છે. (૧૨)

ત્રિભિઃ ગુણમયૈઃ ભાવૈઃ, એભિઃ સર્વમ્ ઇદમ્ જગત્
મોહિતં ન અભિજાનાતિ, મામ્ એભ્યઃ પરમ્ અવ્યયમ્ ॥૧૩॥

આ સર્વ જગત આ ત્રિગુણમય ભાવોથી મોહિત (છે; માટે) એઓથી પર અને વિકાર-રહિત મને જાણતું નથી. (૧૩)

દૈવી હિ એષા ગુણમયી, મમ માયા દુરવ્યયા
મામ્ એવ યે પ્રપદ્યન્તે, માયામ્ એતામ્ તરન્તિ તે ॥૧૪॥

કેમકે મારી આ ગુણમયી દૈવી માયા ઓળંગવી મુશ્કેલ છે. જેઓ મારે શરણે આવે છે, તેઓ આ માયાને ઓળંગે છે. (૧૪)

ન મામ્ દુષ્કૃતિનઃ મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ
માયયા અપહૃતજ્ઞાનાઃ, આસુરમ્ ભાવમ્ આશ્રિતાઃ ॥૧૫॥

માયાએ હરેલા જ્ઞાનવાળા મૂઢ, પાપી અને આસુરી ભાવને આશ્રય કરનારા અધમ પુરુષો મારે શરણે આવતા નથી. (૧૫)

ચતુર્વિધાઃ ભજન્તે મામ્, જનાઃ સુકૃતિનઃ અર્જુન
આર્તઃ જિજ્ઞાસુઃ અર્થાર્થી, જ્ઞાની ચ ભરતર્ષભ ॥૧૬॥

હે ભરતશ્રેષ્ઠ અર્જુન ! ચાર પ્રકારના પુણ્યશાળી મનુષ્યો મને ભજે છે : આર્ત (દુઃખી), જિજ્ઞાસુ, ધનની ઈચ્છાવાળો અને જ્ઞાની. (૧૬)

તેષામ્ જ્ઞાની નિત્યયુક્તઃ, એકભક્તિઃ વિશિષ્યતે
પ્રિયઃ હિ જ્ઞાનિનઃ અત્યર્થમ્, અહમ્ સઃ ચ મમ પ્રિયઃ ॥૧૭॥

તેઓમાં સદા (ધ્યાનમાં) જોડાઇ રહેનારો અને

એકનિષ્ટ ભક્તિવાળો જ્ઞાની ઉત્તમ છે; કેમ કે જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે મને અત્યંત પ્રિય છે. (૧૭)

ઉદારાઃ સર્વે એવ એતે જ્ઞાની, તુ આત્મા એવ મે મતમ્।
આસ્થિતઃ સઃહિ યુક્તાત્મા, મામ એવ અનુત્તમામ્ ગતિમ્॥૧૮॥

એ બધાય ઉત્તમ છે; પરંતુ જ્ઞાની તો મારો આત્મા જ છે, એવો મારો મત છે; કેમ કે તે એકાગ્ર ચિત્તવાળો થઈ સર્વોત્તમ ગતિરૂપ મને જ આશ્રય કરી રહ્યોછે. (૧૮)

બહુનામ્ જન્મનામ્ અન્તે, જ્ઞાનવાન્ મામ્ પ્રપદ્યતે।
વાસુદેવઃ સર્વમ્ ઈતિ સઃ, મહાત્મા સુદુર્લભઃ ॥૧૯॥

બહુ જન્મોને અંતે (આ) બધું 'વાસુદેવ જ છે' એવા જ્ઞાનવાળો જ્ઞાની મને પામે છે; તે મહાત્મા અતિ દુર્લભ છે. (૧૯)

કામૈઃ તૈ : તૈ : હ્રતજ્ઞાનાઃ પ્રપદ્યન્તે અન્યદેવતાઃ
તમ્ તમ્ નિયમમ્ આસ્થાય, પ્રકૃત્યા નિયતાઃ સ્વયા ॥૨૦॥

તે તે કામનાઓ વડે હરાયેલા જ્ઞાનવાળા અને પોતાની પ્રકૃતિ વડે બંધાયેલા (મનુષ્યો), તે તે નિયમનો આશ્રય કરી બીજા દેવતઓને શરણે જાય છે. (૨૦)

યઃયઃ યામ્ યામ્ તનુમ્ ભક્તઃ, શ્રદ્ધયા અર્ચિતુમ ઈચ્છતિ।
તસ્ય તસ્ય અચલામ્ શ્રદ્ધામ્, તામ્ એવ વિદ્‌ધામિ અહમ્॥૧૪॥

જે જે મનુષ્ય જે જે સ્વરૂપની પૂજા (ભક્તિ શ્રદ્ધા પૂર્વક કરવા ઈચ્છા છે, તેની તે તે સ્વરૂપ વિષેની શ્રદ્ધાને હું દ્રઢ કરું છું. (૨૧)

સઃ તયા શ્રદ્ધયા યુક્તઃ, તસ્ય આરાધનમ્ ઈહતે
લભતે ચ તતઃ કામાન્, મયા એવ વિહિતાન્ હિ તાન્॥૨૨॥

તે શ્રદ્ધાથી યુક્ત થઈ, તે તેનું આરાધન કરે છે અને તે (દેવતા) દ્વારા મેં જ નિર્માણ કરેલા ઈચ્છિત ભોગો પામે છે. (૨૨)

અન્તવત્ તુ ફલમ્ તેષામ્, તત્ ભવતિ અલ્પમેધસામ્
દેવાન્ દેવયજઃ યાન્તિ, મદ્ ભક્તાઃ યાન્તિ મામ્ અપિ ॥૨૩॥

પરંતુ તે અલ્પ બુદ્ધિવાળાઓનું તે ફળ નાશવંત હોય છે; દેવોને પૂજનારા દેવોને પામે છે, પણ મારા ભક્તો મને પામે છે. (૨૩)

અવ્યક્તમ્ વ્યક્તિમ્ આપન્નમ્, મન્યન્તે મામ્ અબુદ્ધયઃ।
પરમ્ ભાવમ્ અજાનતઃ, મમ અવ્યયમ્ અનુત્તમમ્॥ ૨૪॥

મારું સર્વોત્તમ નિર્વિકાર સ્વરૂપ નહિ જાણતા અજ્ઞાનીઓ, અપ્રકટ એવા મને પ્રકટ થયેલો માને છે. (૨૪)

ન અહમ્ પ્રકાશઃ સર્વસ્ય, યોગમાયાસમાવૃતઃ
મૂઢઃ અયમ્ ન અભિજાનાતિ, લોકઃ મામ અજમ્ અવ્યયમ્॥૨૫॥

યોગમાયાથી ઢંકાયેલા હું સર્વને પ્રત્યક્ષ નથી, (તેથી) આ મૂઢલોક અજન્મા અને અવિનાશી મને સંપૂર્ણ જાણતા નથી. (૨૫)

વેદ અહમ્ સમતીતાનિ, વર્તમાનાનિ ચ અર્જુન
ભવિષ્યાણિ ચ ભૂતાનિ, મામ્ તુ વેદ ન કશ્ચન ॥૨૬॥

હે અર્જુન ! ભૂતકાળનાં, વર્તમાનકાળનાં તથા

ભવિષ્યકાળનાં (બધાં) ભૂતોને હું જાણું છું; પરંતુ મને કોઇ જાણતું નથી. (૨૬)

ઇચ્છાદ્વૈષસમુત્થેન, દ્વન્દ્વમોહેન ભારત
સર્વભૂતાનિ સંમોહમ્, સર્ગે યાન્તિ પરંતપ ॥૨૭॥

હે શત્રુઓને તપાવનાર ભરતવંશી ! ઇચ્છા અને દ્વેષથી ઉત્પન્ન થતાં (રાગદ્વેષાદિ) જોડકાના મોહ વડે સર્વ પ્રાણીઓ સૃષ્ટિમાં અત્યંત મોહ પામે છે. (૨૭)

યેષામ્ તુ અન્તગતમ્ પાપમ્, જનાનામ્ પુણ્યકર્મણામ્
તે દ્વન્દ્વમોહનિર્મુક્તાઃ ભજન્તે મામ્ દ્રઢવ્રતાઃ ॥૨૮॥

પરંતુ જે પુણ્યકર્મવાળા મનુષ્યોનું પાપ નાશ પામ્યું હોય છે, તેઓ (રાગદ્વેષાદિ) જોડકાંના મોહથી છૂટી દ્રઢ વ્રતવાળા થઇ મને ભજે છે. (૨૮)

જરામરણમોક્ષાય મામ્, આશ્રિત્ય યતન્તિ યે તે
બ્રહ્મ તત્ વિદુઃ કૃતસ્નમ્, અધ્યાત્મમ્ કર્મ ચ અખિલમ્ ॥૨૯॥

જેઓ મારો આશ્રય કરી ઘડપણ તથા મરણથી છૂટવા યત્ન કરે છે, તેઓ તે બ્રહ્મને, અધ્યાત્મને તથા સમગ્ર કર્મને સંપૂર્ણ જાણે છે. (૨૯)

સાધિભૂતાધિદૈવમ્ મામ્, સાધિયજ્ઞમ્ ચ યે વિદુઃ
પ્રયાણકાલે અપિ ચ મામ્, તે વિદુઃ યુક્તચેતસઃ ॥૩૦॥

જેઓ અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને જાણે છે, તે (મારામાં) જોડાયેલા ચિત્તવાળા પુરુષો મરણકાળે પણ મને જાણે છે, મારામાં લીન બને છે. (૩૦)

ૐ તત્સદિતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે જ્ઞાનવિજ્ઞાનયોગો નામ સપ્તમોऽધ્યાયઃ ॥૭॥

એ પ્રમાણે ઉપનિષદ, બ્રહ્મવિદ્યા તથા યોગશાસ્ત્રરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ તથા અર્જુનના સંવાદ વિષે જ્ઞાનવિજ્ઞાનયોગ નામનો સાતમો અધ્યાય સંપૂર્ણ.

ગીતા સાર ● અજન્મા હૈ અમર આત્મા

વ્યર્થ ચિંતિ હો રહે હો, વ્યર્થ ડરકર રો રહે હો ।
અજન્મા હૈ અમર આત્મા, ભય મેં જીવન ખો રહે હો ॥
જો હુઆ અચ્છા હુઆ, જો હો રહા અચ્છા હી હૈ ।
હોગા જો અચ્છા હી હોગા, યહ નિયમ સચ્ચા હી હૈ ॥
ગર ભૂલા દો બોઝ કલ કા, આજ તુમ ક્યોં ઢો રહે હો ? ?
અજન્મા હૈ ......

હુઇ ભૂલી ભૂલોં કા ફિર, આજ પશ્ચાત્તાપ ક્યોં ?
કલ ક્યા હોગા ? અનિશ્ચિત હૈ, આજ ફિર સંતાપ ક્યોં ?
જુટ પડો કર્તવ્ય મેં તુમ, બાટ કિસકી જો રહે હો ?
અજન્મા હૈ ......

ક્યા ગયા, તુમ રો પડે ? તુમ લાયે ક્યા થે, ખો દિયા ?
હૈ હુઆ ક્યા નષ્ટ તુમને ? એસા ક્યા થા, ખો દિયા ?
વ્યર્થ ગ્લાનિ સે ભરા મન, આંસુઓ સે ધો રહે હો ॥
અજન્મા હૈ ......

લે કે ખાલી હાથ આયે, જો લિયા યહીં સે લિયા ?
જો લિયા નસીબ સે ઉસકો, જો દિયા યહીં કર દિયા ?
જાનકર દસ્તુર જગ કા, ક્યોં પરેશાં હો રહે હો ?
અજન્મા હૈ ......

જો તુમ્હારા આજ હૈ, કલ વોહી થા કિસી ઔર કા ?
હોગા પરસોં જાને કિસકા, યહ નિયમ સરકાર કા ?
મગ્ન હો અપના સમઝનાં, દુઃખોં કો સંજો રહે હો ॥
અજન્મા હૈ ......

જિસકો તુમ મૃત્યુ સમઝતે, હૈ વહી જીવન તુમ્હારા ।
હૈ નિયમ જગ કા બદલના ક્યા પરાયા, ક્યા તુમ્હારા ।
એક ક્ષણ મેં કંગાલ હો, ક્ષણ ભર મેં ધન સે મોહ રહે હો ॥
અજન્મા હૈ ......

મેરા-તેરા, બડા-છોટા, ભેદ યે મન સે હટા દો ।
સબ તુમહારે તુમ સભી કે, ફાસલે મન સે હટા દો ।
કિતને જન્મોં તક કરોગે, પાપ કરે તુમ જો રહે હો ?
અજન્મા હૈ ......

હૈ કિરાયે કા મકાન, ના તુમ હો ઇસકે ના તુમ્હારા ।
પંચ તત્વોં કા બના ઘર, દેહ કુછ દિન કા સહારા ઇસ ।
મકાન મે હો મુસાફિર, કિસ કદર યોં સો રહે હો ?
અજન્મા હૈ ......

ઊઠો ! અપને આપકો, ભગવાન કો અર્પિત કરો ।
અપની ચિંતા, શોક આર ભય, સબ ઉસે અર્પિત કરો ।
હૈ વો હી ઉત્તમ સહારાઃ ક્યું સહારા ખો રહે હો ?
અજન્મા હૈ ......

જબ કરો જો ભી કરો, અર્પણ કરો ભગવાન કો ।
સદા કર દો સમર્પણ, ત્યાગકર અભિમાન કો ।
મુક્તિ કા આનંદ અનુભવ, સર્વદા ક્યોં ખો રહે હો ?
અજન્મા હૈ ......

મૃત્યુ : માત્ર વસ્ત્ર-પરિવર્તન

જો મોત વાસ્તવમાં હોત તો હજારો વખત તમારા થઇ ગયેલા મોતથી તમે મરી ગયા હોત, આજે આ શરીરમાં ન હોત. આ શરીર તો માત્ર વસ્ત્ર છે... અને આજ સુધી તમે હજારો વસ્ત્રો બદલી ચૂક્યા છો. આપણો ઈશ્વર કંગાલ નથી, દેવાળિયો નથી કે તેની પાસે માત્ર બે ચાર વસ્ત્ર જ હોય. તેની પાસે તો પોતાનો બાળકો માટે ચોર્યાસી લાખ વસ્ત્રો છે. ક્યારેક ઉંદરનો વેશ તો ક્યારેક બિલાડીનો વેશ, ક્યારેક કૂતરાનો તો ક્યારેક હાથીનો, ક્યારેક પક્ષીનો તો ક્યારેક માનવીનો, ક્યારેક દેવનો તો ક્યારેક ગંધર્વનો, કોણ જાણે કેટકેટલાં વેશ આજ સુધી બદલતા આવ્યા છીએ. વસ્ત્ર બદલવામાં ભય કેવો ? આ વાત ગીતામાં ભગવાને અર્જુનને કહી છે.

વાસાંસિ જીર્ણાની યથા વિહાય, નવાનિ ગૃહણાતિ નરોપરાણિ।
તથા શરીરાણિ વિહાય જીર્ણાન્ય, અન્યાનિ સંયાતિ નવાનિ દેહી॥

જેવી રીતે માનવી જુનાં વસ્ત્રો ત્યાગીને નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેવી જ રીતે જીવાત્મા જુનાં શરીરો છોડીને બીજાં નવાં શરીરો ધારણ કરે છે.

બાળકની ચડ્ડી જીર્ણ થાય ત્યારે બા તે કાઢીને નવી પહેરાવે છે તો બાળક બુમાબુમ કરી મૂકે છે. બાળકે મોટા થતાં ચડ્ડી છોડીને પેન્ટ પહેરવું પડે છે. તેવી રીતે પરમાત્માનાં સંતાનોને પણ વિકસિત થતાં, મોટા જીર્ણ-શીર્ણ દેહ છોડયા પછી નવા ને દૈદિપ્યમાન દેહ મળે છે. જીવજંતુઓમાંથી

વિકસિત થતાં વાનર, ગાય અને અંતે માનવનો દેહ મળે છે. તે માનવ દિવ્ય કર્મો કરે, સત્વગુણ પ્રધાન હોય તો દેવ, ગંધર્વ યોનિઓ મળે તેનો સ્વભાવ રજસ પ્રધાન થાય તો ફરી પાછો માનવી થાય અને તામસી સ્વભાવ રાખે તો પાછો હલકી યોનિઓમાં આવે તે માનવને ઇશ્વરભક્તિ સાથે કોઇ સમર્થ સદ્ગુરૂ મળી જાય, તેને આત્મધ્યાન, આત્મજ્ઞાનની ભૂખ જાગે, તે ગુરૂકૃપા પચાવી લે તો તેનો તે માનવ, ચોરાસીના ચકરાવામાં પડતો જીવ પોતાનો શિવસ્વભાવને જાણી ત્રણેય ગુણોથી પાર થઇ જાય, પરમાત્મામાં ભળી જાય. વસ્ત્રના પરિવર્તનથી ભય કેવો ? વસ્ત્ર બદલવાવાળો તો કદી મરતો નથી, તે તો અમર છે, અને પરિવર્તન તો પ્રકૃતિનો સ્વભાવ છે. તો પછી મોત છે ક્યાં ? આ વાત સમજાવતાં ગીતામાં ભગવાન અર્જુનને કહે છે. 'તને ભય શાનો છે ?'

હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં, જિત્વા વા મોક્ષ્યસે મહીમ્ ।

'જો યુદ્ધમાં હણાઇશ તો સ્વર્ગ પ્રાપ્ત કરીશ અને જો જીતીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ.'

મૃત્યુ : એક વિશ્રાંતિ સ્થાન

મોત તો એક પડાવ છે. એક વિશ્રાંતિ-સ્થાન છે. તેનાથી ભય કેવો ! આ તો એક પ્રકૃતિની વ્યવસ્થા છે. એ માત્ર સ્થળાંતર છે. દા.ત. હું અત્યારે અહીં છું. અહીંથી આબુ જાઉં તો અહીં મારો અભાવ થયો પણ આબુમાં મારી હાજરી થઇ આબુથી હિમાલય જાઉં તો હું તો છું જ, માત્ર સ્થાનનું પરિવર્તન થયું.

તમારી અવસ્થાઓ બદલાય છે, તમે નહિ. પહેલાં તમે સૂક્ષ્મ હતા, પછી બાળકનો દેહ ધારણ કર્યો, બાલ્યાવસ્થા છૂટી તો કિશોર બન્યા, કિશોરાવસ્થા ગઇ તો તમે યુવાન બન્યા, યુવાની ગઇ તો વૃદ્ધાવસ્થા આવી. તમે નથી બદલાયા પણ તમારી અવસ્થાઓ બદલાઇ છે. આપણી ભૂલ એ છે કે અવસ્થાના પરિવર્તનને આપણે આપણું પરિવર્તન માની લઇએ છીએ વસ્તુતઃ નથી આપણે જન્મતા-મરતા કે નથી આપણે બાળક, કિશોર, યુવાન, વુદ્ધ બનતા. એ બધા દેહના ધર્મો છે. આપણે દેહ નથી. સંતોનો તો એ અનુભવ છે કે :

મુજમેં ન તીનો દેહ હૈ, તીનો અવસ્થાએં નહીં ।
મુજમેં નહીં બાલકપના, યૌવન બુઢાપા હૈ નહીં ॥
જન્મું નહીં મરતા નહીં, હોતા નહીં મૈં બેશ-કમ ।
મૈં બ્રહ્મ હું મૈં બ્રહ્મ હું તીહું કાલ મેં હું એક સમ ॥

મૃત્યુ એ કંઇક નવું લાવનાર સંધિસ્થાન છે એ એક વિશ્રામ સ્થળ છે. જેવી રીતે દિવસભરનો થાકેલો માનવી રાતભર મીઠી ઊંઘ લઇને બીજે દિવસે સવારે તાજો થઇને જાગે છે, એ જ પ્રમાણે આ જીવ જીર્ણ શીર્ણ સ્થળ શરીર છોડીને આગળની યાત્રા ચાલુ રાખવા નવું શરીર ધારણ કરે છે જૂના શરીર સાથે સંકળાયેલા ટી.બી., દમ, કેન્સર જેવા ભયંકર રોગો ચિંતાઓ, દેવું એ બધું જ છૂટી જાય છે.

(પ.પૂ. સંતશ્રી આસારામજી બાપુનાં દિવ્ય વચનામૃતમાંથી)

હરિૐ

મરેલાને માટે

પ્રાર્થના, ભજન, કિર્તન અને શ્રાદ્ધનું મહત્વ

પ્રાર્થનાઓ, સારા વિચારો, સારી ઈચ્છાઓ અને ભજનકીર્તન વગેરે મરેલાંના આત્માઓને મદદરૂપ થાય છે. જગતના લગભગ બધાં ધર્મોમાં મરેલાઓ માટેની પ્રાર્થનાઓ મહત્વની ગણાય છે. કેથોલિકનાં દેવળોમાં મરેલાંઓને માટે પ્રાર્થના કરાવે છે.

રેડિયો સ્ટેશનના સિદ્ધાતની જેમ પ્રાર્થના કાર્ય કરે છે. તેમજ જેમ રેડીયો સ્ટેશન શબ્દનાં મોજાને પ્રગટ કરે છે. તેમજ પ્રાર્થના સારા વિચારોના મોજા પ્રગટ કરે છે.

ભજન-કિર્તન એક સમર્થ શક્તિ છે. જે મરેલાંના આત્માંને સ્વર્ગના માર્ગે જવાના માટે તેમજ સ્વર્ગમાં જતા સુધીના વચગાળાના માર્ગોમાં પણ મદદ પહોંચાડે છે.

મરેલાંઓની પાછળ સંબંધીજનો જે રડાકૂટ, રોકકળ અને અસહ્ય વેદનાઓ પ્રગટ કરે છે. તે મરેલાંઓના આત્માને ખૂબ દુઃખી બનાવે છે અને તેમને તેમનાં દિવ્ય ધામોમાંથી પાછા નીચે ખેંચી લાવે છે. આ લોકો જે સ્વર્ગલોકમાં જતા હોય છે. તેમને ત્યાંથી સંબંધીઓનાં રોકકળ રોકી લે છે. જ્યારે તે આત્માઓ શાંતિથી પોતાના માર્ગ શોધતા હોય છે અને જે વખતે તેઓ સ્વર્ગની અલૌકિત જાગૃતિ મેળવવાની તૈયારી કરતા હોય છે. તે વખતે તેમનાં સગાં અને પ્રેમીજનોનાં રોકકળ

અને ડૂસકાંથી તેમને તેમની મૃત્યુલોકની સ્થૂલ યાદ આવે છે. સગાં સંબંધીજનોના વિચારો આ આત્માઓનાં મનની અંદર સરખાં આંદોલન ઊભા કરે છે. તેમજ તેમની અંદર અસહ્ય દુઃખ અને અસંતોષ પેદા કરે છે.

એટલા માટે મરેલાંઓના આત્માઓની શાંતિને કાજે સગાં વ્હાલાં અને પ્રેમીજનોએ કીર્તન કરવાં જોઈએ અને એ રીતે જ તે સગાં સંબંધીજનો આત્માને સાચી મદદ અને સંતોષ આપી શકે છે. જો દશ-બાર માણસો ભેગાં થઈને ભજન અને કિર્તન કરે, તો સાચેસાચ તે વધારે સારા સામર્થ્ય અને અસર પહોંચાડી શકશે. સામૂહિક ભજન અને કિર્તન અદ્‌ભૂત અસર કરી શકે છે.

ધર્મગ્રંથોએ ગૃહસ્થને માટે પાંચ મહાયજ્ઞો જણાવ્યા છે. આ પાંચ મહાયજ્ઞ દરેક ગૃહસ્થે પોતાના જીવનમાં કરવા જ જોઈએ જે ગૃહસ્થ યક્ષો ન કરે, તે પ્રાયશ્ચિત ભોગવવું પડે છે.

આ પાંચ મહાયજ્ઞો (૧) દેવયજ્ઞ (દેવો માટે યજન-પૂજન) (૨) ઋષિયજ્ઞ (ઋષિઓ માટે સ્વાધ્યાય) (૩) પિતૃયજ્ઞ (પિતૃઓ માટે શ્રાદ્ધ તર્પણ) (૪) ભૂતયજ્ઞ (પ્રાણીઓ માટે બલિ પૂજા) (૫) અતથિ યજ્ઞ (માણસોને અન્નદાન)

આમાં શ્રાદ્ધની ક્રિયા પિતૃયજ્ઞની અંદર આવી જાય છે. દરેક ગૃહસ્થની એ પવિત્ર ફરજ બની રહે છે. દરેક માણસે પોતાન પૂર્વજ પિતૃઓ માટે શ્રાદ્ધ ક્રિયા કરવી જોઈએ. પિતૃઓ આપણા પુર્વજો છે, જેઓ પિતૃલોકમાં વાસ કરે છે. દૂર શ્રવણ

અને દૂર દર્શન જેવી અલૌકિક શક્તિઓ તે પિતૃઓ પાસે હોય છે. જ્યારે શ્રાદ્ધના મંત્રો ભણવામાં આવે છે. ત્યારે તે પિતૃઓ પોતાના આંદોલનો દ્વારા અદ્ભૂત અસરો પેદા કરે છે. દૂર શ્રવણની શક્તિને લીધે આ પિતૃઓ મંત્રોનાં શબ્દો સાંભળે છે અને તે પ્રસન્ન થાય છે. જે લોકો તેમને શ્રાદ્ધ તર્પણ આપે છે, તેમને તે પિતૃઓ આશીર્વાદ આપે છે. શ્રાદ્ધમાં જે કાંઇ સારાં દાન આપવામાં આવે છે. તેનો સાર ભાગ સૂર્યનાં કિરણોથી ઉપર સૂર્યલોકમાં પહોંચી જાય છે અને તે પિતૃ આ દાનથી ખુશ થતા હોય છે. જર્મની અને બીજા પશ્ચિમના દેશોમાં પણ તર્પણ અને શ્રાદ્ધની ક્રિયાઓ ત્યાંના ઘણા માણસો કરતા હોય છે. આ પ્રકારનાં શ્રાદ્ધ અને દાનની જે લાભદાયી અસરો થાપ છે, તેનું તેમણે વિજ્ઞાનની દ્રષ્ટિએ સંશોધન કરેલું છે આથી પોતાના ઋષિઓ અને પિતૃઓને પ્રસન્ન કરવા માટે આ શ્રાદ્ધ અને તર્પણની ક્રિયાઓ કરવી તે દરેક ગૃહસ્થની એક આવશ્યક ફરજ બની રહે છે. ગીતા અને ઉપનિષદોએ આ બાબતના સ્પષ્ટ પ્રમાણો નોંધીને જણાવ્યું છે કે, 'શ્રાદ્ધની ક્રિયાઓ ખૂબ જરૂરી છે' જેમના આત્માઓ દૂષિત થયા છે અને જેમની મતિઓ ફરી ગઇ છે, તેજ લોકો ધાર્મિક ક્રિયાઓ કરવાનું બંધ રાખે છે અને પવિત્ર ધાર્મિક ક્રિયાઓ માટે ઉદાસીન બને છે, જેને પરિણામે તેમને ભોગવવું પડે છે. ખોટા વાદ વિવાદ અને તર્કને આધારે તે લોકો ગેરરસ્તે દોરવાય ગયા હોય છે. તામસિક લાગણીઓ તેમની પર જલ્દી અસર કરે છે. આ પ્રકારનાં કાર્યો કરવાના મૂળ કારણમાં તેમનું અજ્ઞાન જ છે.

શાંતિ

અજ્ઞાની ચાહે છે કે હું જે ઇચ્છું છું એ પ્રમાણે થાય ત્યારે જ મને સુખ થશે. આ જ માનવનું અજ્ઞાન છે. શાસ્ત્ર અને સંતોનો કેટલોય ઉપદેશ સંભળાવવામાં આવે તો પણ તે સરળતાથી પોતાની માન્યતા અને મોહ છોડવા તૈયાર નથી થતો. વિદૂરનો ધર્મયુક્ત ઉપદેશ ધૃતરાષ્ટ્રને સાંત્વન ન આપી શકયો. ધૃતરાષ્ટ્ર શાસ્ત્રોથી તદ્દન અજાણ હતા એવું નથી. છતાં પણ તેમનું શાસ્ત્રજ્ઞાન પુત્રના મોહથી ને શોકથી મુક્ત ન કરાવી શકયું.

હરિદ્વારમાં ઘાટવાલા બાબા નામે ઓળખાતા એક મહાન સંત હતા. બહુ જ સીધા સાદા કંતાન વીંટીને રહેતા. જોવામાં તો કોઇ ભિખારી જેવા લાગે પણ અંદરથી સમ્રાટ છે. એમની પાસે એક માણસ આવ્યો ને કહ્યું : 'બાબા, મને શાંતિ જોઇએ.' બાબાએ તેને ધ્યાનથી જોયો અને પછી કહ્યું :

'શાંતિ જોઇએ તો તું ગીતા વાંચ'

તે ચોંકીને બોલ્યો : 'ગીતા ? ગીતા તો વિદ્યાર્થીઓને હું ભણાવું છું. કોલેજનો પ્રોફેસર છું. ગીતા મારો વિષય છે. હું કેટલીયવાર તે વાંચી ગયો છું. ગીતા પર મારો પૂરો કાબૂ છે.'

બાબા : 'એ ઠીક છે. પણ અત્યાર સુધી ભણાવીને પૈસા પર કાબૂ મેળવવા ગીતા વાંચી હશે. હવે મન પર કાબૂ મેળવીને શાંતિ મેળવવા ગીતા વાંચ.'

લોકો શાસ્ત્રમાંથી સૂચનાઓ, માહિતીઓ ભેગી કરે છે અને તેને જ જ્ઞાન માની લે છે. બીજા પર પ્રભાવ પાડવા તેમને એ વાતો કહે છે, ઉપદેશ આપે છે. પણ પોતાને કોઈ અનુભવ નથી. મૃત્યુ વિષયક પણ લોકો વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો આપી શકે છે, મૃત્યુથી ડરનારને આશ્વાસન આપી શકે છે. પરંતુ જ્યારે તેમની પોતાની સામે મૃત્યુ આવે છે ત્યારે નસેનસ કંપી ઊઠે છે. કેમ કે તેમને મોતનો અનુભવ નથી.

યોગ : મૃત્યુને મારવાનું શસ્ત્ર

ઘણા લોકો કહે છે કે જીવન અને મૃત્યુ આપણા હાથમાં નથી. પણ આ એમના માટે છે કે જેઓ આધ્યાત્મિક રહસ્ય નથી જાણતા, પોતાને શરીર માને છે, દીનહીન માને છે. પણ ફકીરો જાણે છે કે જીવન અને મૃત્યુ એ બંને પર માનવનો અધિકાર છે. આ અધિકાર સિદ્ધ કરવાની તરકીબો પણ જાણે છે. કોઈ સાહસિક વીર તૈયાર થાય તો બતાવી પણ શકે છે. તેઓ તો ખૂલ્લે ખુલ્લું કહે છે કે રોતાં કકળતાં મરવું હોય તો ખૂબ ભોગ ભોગવો, કોઈની પરવા ન કરો, ખાઓ, પીઓ, અમર્યાદાપણે વિષય સેવન કરો. એવું જીવન તમને આપમેળે મોત તરફ લઈ જશે. પરંતુ જો મોત પર વિજય પ્રાપ્ત કરવો હોય. જીવન સાચી રીતે જીવવું હોય તો ફકીરોના બતાવ્યા પ્રમાણે આસન કરો, પ્રાણાયામ કરો, ધ્યાન કરો, યોગ કરો, આત્મચિંતન કરો. એવું પદ પ્રાપ્ત કરી લો કે જ્યાં

મૃત્યુની પહોંચ નથી. આ કોઈ કપોળ કલ્પિત વાતો નથી. આજે પણ એવાં કેટલાય યોગીઓ છે, જેઓ સાધનાઓ દ્વારા આયુષ્ય લંબાવીને જીવન જીવી રહ્યા છે, એકદા આવો કોઈ યોગી ડૉક્ટરો સામે આવીને પોતાના હૃદયની ગતિ બંધ કરી બતાવે છે તો તે વાત પણ લોકો માટે આશ્ચર્યજનક બને છે. લોકોનાં ટોળાં તેને જોવા ઊમટી પડે છે. પણ આ કંઈ યોગની પરાકાષ્ટા નથી.

સુનલો ચતુર સુજાન

સુનલો ચતુર સુજાન નિગુરે નહીં રહેના
નિગુરે કા નહીં કહીં ઠીકાના, ચોરાસીમે આનાજાના
પડે નરકકી ખાણ નિગુરે નહીં રહેના... સુનલો
ગુરૂ બિના માલા ક્યા સટકાવે, મનવા ચહુદિશ ફીરતા જાવે
યમકા બને મહેમાન, નિગુરે નહીં રહેના... સુનલો
હીરા જૈસી સુંદર કાયા, હરિ ભજન બીન જનમ ગવાયા
કૈસે હો કલ્યાણ... નિગુરે નહીં રહેના... સુનલો
નિગુરા હોતા હિયકા અંધા, ખુબ કરે સંસારકા ધંધા
ક્યોં કરતા અભિમાન.. નિગુરે નહીં રહેના... સુનલો

વાયુપુરાણમાં શ્રાદ્ધ-પરિચય અને મહિમા...

શ્રાદ્ધં ચે ષાં મનુષ્યાણાં
શ્રાદ્ધં મેવ પ્રવર્તતે !
(વાયુપુરાણ : ૩૧, ૧૭)

મનુષ્યો દ્વારા શ્રદ્ધાપૂર્વક આપવામાં આવેલી વસ્તુઓ જ શ્રાદ્ધ કહેવાય છે. શ્રાદ્ધકર્મમાં પિતૃઓની પૂજા કર્યા વગર જો કોઇ બીજા કાર્યનું અનુષ્ઠાન કરે છે તો તેના તે કાર્યનું ફળ રાક્ષસો તથા દાનવોને મળે છે.

આત્મજ્ઞાની સૂતજી ઋષિઓને કહે છે : ''હે ઋષિવૃંદ ! પરમેષ્ઠિ બ્રહ્માએ પૂર્વકાળમાં જે પ્રકારની આજ્ઞા આપી છે એ તમે સાંભળો.''

બ્રહ્માજીએ કહ્યું છે : ''મનુષ્યલોકના પોષણની દ્રષ્ટિથી શ્રાદ્ધ વગેરે કરશે તે પિતૃગણ સદા પુષ્ટિ તેમજ સંતતિ આપશે. શ્રાદ્ધકર્મમાં પોતાના પ્રપિતામાહ (દાદા) સુધીનું નામ તેમજ ગોત્રનું નામ બોલીને જે પિતૃઓને કંઇક આપવામાં આવશે તે પિતૃગણ એ શ્રાદ્ધદાનથી અતિ સંતુષ્ટ થઇને શ્રાદ્ધ આપનારનાં સંતાનોને સંતુષ્ટ રાખશે.''

હે ઋષિઓ ! એ પિતૃઓની કૃપાથી દાન, અધ્યયન, તપસ્યા એ બધાંથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમાં જરાય શંકા નથી કે તે પિતૃગણ જ આપણને સૌને જ્ઞાન પ્રદાન કરવાવાળા છે.

દરરોજ ગુરુપૂજા સાથે સત્કાર્યમાં પ્રવૃત રહીને

યોગાભ્યાસી પિતૃઓ બધાને તૃપ્ત રાખે છે. યોગબળે ચંદ્રમાને પણ તૃપ્ત કરે છે. જેનાથી ત્રિલોકને જીવન પ્રાપ્ત થાય છે. તેથી યોગની મર્યાદા જાણનારે હંમેશા શ્રાદ્ધ કરવું જોઇએ.

શ્રાદ્ધના અવસરે હજારો બ્રાહ્મણોને ભોજન કરાવવાથી જે ફળ મળે છે, તે ફળ યોગમાં નિપુણ એક જ બ્રાહ્મણને સંતુષ્ટ કરવાથી મળે છે તેમજ મહાન ભય (નરકથી) છુટકારો થાય છે. એક હજાર ગૃહસ્થી, સો વાનપ્રસ્થી અથવા એક બ્રહ્મચારી આ બધામાં એક યોગી (યોગાભ્યાસી) મોટો છે, પછી ભલે તે નાસ્તિક હોય, ભલે દુષ્કર્મી હોય, ભલે સંકીર્ણ વિચારોવાળો હોય અથવા ચોર કેમ ન હોય. પ્રજાપતિ (બ્રહ્મા) એ યોગમાર્ગમાં એવી વ્યવસ્થા બતાવી છે કે (યોગીને છોડીને) બીજે ક્યાંય દાન કરવું જોઇએ નહિં. જે વ્યક્તિનો પુત્ર અથવા પૌત્ર ધ્યાનમાં નિમગ્ન રહેવાવાળા કોઇ યોગાભ્યાસીને શ્રાદ્ધના અવસર પર ભોજન કરાવશે, તેના પિતૃગણ, સારા વરસાદથી જેમ ખેડૂતો સંતુષ્ટ થાય છે તેમ સંતુષ્ટ થશે. જો શ્રાદ્ધનાં દિવસે કોઇ યોગાભ્યાસી, ધ્યાનપરાયણ ભિક્ષુ ન મળે તો બે બ્રહ્મચારીઓને ભોજન કરાવવું જોઇએ. બ્રહ્મચારી પણ ન મળે તો ઉદાસીન બ્રાહ્મણને ભોજન કરાવવું જોઇએ. કોઇ વ્યક્તિ સો વરસ સુધી ફક્ત એક પગ ઉપર ઊભો રહીને, વાયુ ભક્ષણ કરીને રહે તેનાં કરતાં પણ ધ્યાની અને યોગી મોટો છે એવી બ્રહ્માજીની આજ્ઞા છે.

શ્રાદ્ધમાં ચાંદીનું દાન, દાન ન થાય તો ચાંદીનું દર્શન અથવા તેનું નામ લેવું, એ પણ પિતૃઓને અનંત, અક્ષય તેમજ

સ્વર્ગ આપવાવાળું દાન કહેવામાં આવે છે. લાયક પુત્રગણ ચાંદીનું દાન કરીને પોતાના પિતૃઓને તારે છે. કાળા મૃગચર્મનું સાંનિધ્ય, દર્શન અથવા દાન રાક્ષસોનો વિનાશ કરનાર તેમજ બ્રહ્મતેજને વધારનાર છે. સોના, ચાંદી, તાંબામાંથી બનાવેલી વસ્તુઓ, જનોઇ, તલ, વસ્ત્ર, દર્ભ, નેપાળનો કામળો તેમજ બીજી પવિત્ર વસ્તુઓ મન, વચન કર્મનો યોગ આ બધી વસ્તુઓ શ્રાદ્ધમાં પવિત્ર મનાય છે.

ઉપરોક્ત વસ્તુઓ દ્વારા, વિધિપૂર્વક કરવામાં આવેલું શ્રાદ્ધ શ્રાદ્ધકર્તાનું આયુષ્ય, આરોગ્ય, કીર્તિ, પ્રજા, બુદ્ધિ, સંતતિ, વગેરે વધારવાવાળું છે.

આ પ્રમાણે વિધિપૂર્વક તર્પણ કરવાથી સર્વકાલીન તૃપ્તિ થાય છે. કર્તા ઐહિક-પારલૌકિક વિભૂતિઓથી સુસમૃદ્ધ તથા સર્વકર્મસમન્વિત થાય છે. આ રીતે ત્રણવાર સવન સ્નાન કરીને જે વિધિપૂર્વક મંત્રાદિકનું ઉચ્ચારણ કરી સમ્યક રીતે હંમેશા પિતૃઓની પૂજા કરે છે તેને અશ્વમેધ યજ્ઞ કરવાનું ફળ મળે છે. અમાસના દિવસે જમીન ઉપર ચાર આંગળના ખાડામાં શ્રાદ્ધોપયોગી વસ્તુઓની સ્થાપના કરવી જોઇએ. આ ત્રિ:સપ્તયજ્ઞના નામથી પ્રખ્યાત છે. તેની ઉપર ત્રિલોકીની સ્થિતિ છે. જે માણસ આનું અનુષ્ઠાન કરે છે તેને પુષ્ટિ, ઐશ્વર્ય, દીર્ઘાયુ, સંતતિ, ધન-વૈભવ તથા મોક્ષની ક્રમશઃ પ્રાપ્તિ થાય છે.

બ્રાહ્મણો દ્વારા સત્કારિત તથા પૂજિત આ એક મંત્ર સમસ્ત પાપોને દૂર કરવાવાળો, પરમ પવિત્ર તથા અશ્વમેધ

યજ્ઞના ફળની પ્રાપ્તિ કરવવાવાળો છે.''

સૂતજી કહે છે : ''હે ઋષિઓ ! આ મંત્રની રચના બ્રહ્માજીએ કરી હતી. આ અમૃત-મંત્ર છે.''

દેવતાભ્ય : પિતૃભ્યશ્ચ, મહાયોગિભ્ય એવ ચ ।
નમઃ સ્વધાયૈ સ્વહાયૈ, નિત્યમેવ ભવન્તુત ॥

'સમસ્ત દેવતાઓ, પિતૃઓ, મહાયોગીઓ, સ્વધા તેમજ સ્વાહા બધાને અમે નમસ્કાર કરીએ છીએ. આ બધા શાશ્વત ફળ આપનાર છે.'

હંમેશા શ્રાદ્ધની શરૂઆતમાં, મૃત્યુ તથા પિંડદાનના સમયે આ મંત્રનો સાવધાન ચિત્તે ત્રણ વખત પાઠ કરવો જોઇએ. જેથી પિતૃગણ તરત ત્યાં આવી જાય છે. અને રાક્ષસગણ ભાગી જાય છે. રાજ્યપ્રાપ્તિના અભિલાષીએ આળસ છોડીને હંમેશા આ મંત્રનો પાઠ કરવો. આ મંત્ર પવિત્રતા, વીર્ય, ધન, સાત્ત્વિક બળ, લક્ષ્મી, દીર્ઘાયુ વગેરેને વધારવાવાળો છે.

બુદ્ધિમાન વ્યક્તિએ ક્યારેય દીન, ક્રોધિત અથવા ઉદાસ થઇને શ્રાદ્ધ ન કરવું. એકાગ્ર ચિત્તે શ્રાદ્ધ કરવું જોઇએ. મનમાં ભાવના કરવી કે કોઇ પણ અપવિત્ર તથા અનિયમિત વસ્તુઓ છે તે બધાનું હું નિવારણ કરી રહ્યો છું. વિઘ્ન કરવાવાળા બધા અસુરો તેમજ દાનવોને હું મારી ચૂક્યો. બધા રાક્ષસો, યક્ષ, પિશાચ અને યાતુધાનોના (રાક્ષસોના) સમૂહને મારી નાંખ્યા.

સમુદ્ર તથા સમુદ્રને મળતી નદીઓના કિનારે, ગૌશાળામાં, નદીના સંગમ પર, પર્વતના શિખર પર, વનમાં, પવિત્ર છાણથી લીપેલા એકાંત ઘરમાં વિધિપૂર્વક શ્રાદ્ધ કરવાથી મનોરથ પૂર્ણ થાય છે. આ રીતે વ્યક્તિ બ્રહ્મત્વની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

અશ્રદ્દધાનાઃ પાપ્માનો નાસ્તિકાઃ સ્થિતસંશયાઃ
હેતુદ્રષ્ટા ચ પંચૈતે ન તીર્થફલશ્રનુતે ॥
ગુરુતીર્થ પરાસિદ્ધિસ્તીર્થાના પરમં પદમ્ ।
ધ્યાનં તીર્થ પરં તસ્માદ્ બ્રહ્મતીર્થ સનાતનમ્ ॥

'અશ્રદ્ધાળુ, પાપાત્મા, પરલોકને ન માનનાર અથવા વેદોનો નિંદક, સ્થિતિમાં સંદેહ રાખનાર સંશયાત્મા તેમજ દરેક પુણ્ય કાર્યમાં કોઇને કોઇ કારણ શોધનાર કુતર્કી, એ પાંચેયને પવિત્ર તીર્થોનું ફળ નથી મળતું.

ગુરુ રૂપી તીર્થમાં પરમ સિદ્ધ પ્રાપ્ત થાય છે. એ બધાં તીર્થોમાં શ્રેષ્ઠ છે. એનાથી પણ શ્રેષ્ઠ તીર્થ ધ્યાન છે. ધ્યાન સાક્ષાત્ બ્રહ્મતીર્થ છે. તેનો ક્યારેક વિનાશ નથી થતો.

યે તુ વ્રતે સ્થિતા નિત્યં
જ્ઞાનિનો ધ્યાનિનસ્તથા ।
દેવભક્તા મહાત્માનઃ
પુનીયુર્દર્શનાદપિ ॥

જે બ્રાહ્મણ નિત્યવ્રત પરાયણ રહે છે, જ્ઞાનાર્જનમાં પ્રવૃત્ત રહીને યોગાભ્યાસમાં રત રહે છે, દેવો પ્રત્યે ભક્તિ રાખે

છે, મહાન આત્મા હાયે છે, તેઓ દર્શન માત્રથી પવિત્ર કરે છે.' (વાયુપુરાણ ૭૯.૯૦)

જે વ્યક્તિ અષ્ટકાઓમાં પિતૃઓની પૂજા નથી કરતી તેનો આ જન્મ વ્યર્થ થઇ જાય છે અને જે કંઇ પ્રાપ્ત થતું રહે છે તે નષ્ટ થઇ જાય છે. શ્રાદ્ધનાં પ્રસંગે જે શ્રાદ્ધાદિકનું દાન કરે છે તે દેવોની નજીક એટલે કે સ્વર્ગલોકમાં જાય છે. જે શ્રાદ્ધ-દાન નથી કરતો તે તિર્યક્ (અધમ પક્ષી) ની યોનિમાં જાય છે.

પૂનમનાં દિવસે શ્રાદ્ધાદિક કરે છે તેની બુદ્ધિ, પુષ્ટિ, સ્મરણશક્તિ, ધારણાશકિત, પુત્ર-પુત્રાદિ તેમજ ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે. તે પૂર્ણ પર્વનું ફળ ભોગવે છે.

એકમનું શ્રાદ્ધ ધન-સંપત્તિ માટે હોય છે તેમજ શ્રાદ્ધ કરનારની પ્રાપ્ત વસ્તુઓ નષ્ટ થતી નથી. **બીજનાં** દિવસે શ્રાદ્ધ કરનાર બે પગવાળાનો (મનુષ્યોનો) રાજા બને છે. ઉત્તમ અર્થ (પૈસા) ની પ્રાપ્તિના અભિલાષી માટે **તૃતિયા (ત્રીજ)** નું શ્રાદ્ધ વિહિત છે. આ ત્રીજ શત્રુઓનો નાશ કરવાવાળી અને પાપનાશિની છે. **ચતુર્થીના** દિવસે જે શ્રાદ્ધ કરે છે તે શત્રુઓનાં છિદ્રો જુએ છે એટલે કે તેને શત્રુઓની દરેક કૂટ નીતિનું જ્ઞાન થઇ જાય છે. **પાંચમનાં** દિવસે શ્રાદ્ધ કરનાર ઉત્તમ લક્ષ્મીની પ્રાપ્તિ કરે છે. જે **છઠનું** શ્રાદ્ધ કરે છે. તેની દેવતા લોક પૂજા કરે છે. **સપ્તમીનું** શ્રાદ્ધ કરનારને મહાન યજ્ઞોનું પુણ્યફળ પ્રાપ્ત થાય છે અને તે ગણો (ઇન્દ્રિયો) નો સ્વામી થાય છે. જે મનુષ્ય **અષ્ટમીએ** શ્રાદ્ધ કરે છે તે સંપૂર્ણ સમૃદ્ધિઓ પ્રાપ્ત કરે છે **નવમી**

તિથિએ શ્રાદ્ધ કરનારને ખૂબ ઐશ્વર્ય તેમજ અનુકૂળ પત્ની મળે છે. દશમી તિથિએ શ્રાદ્ધ કરનાર મનુષ્ય બ્રહ્મત્વ રૂપી લક્ષ્મી પ્રાપ્ત કરે છે.

એકાદશીએ શ્રાદ્ધ કરનાર સમસ્ત વેદોને પ્રાપ્ત કરે છે. તેના બધાં જ પાપકર્મોનો વિનાશ થાય છે. તથા તેને નિરંતર ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. એકાદશીનું શ્રાદ્ધ સર્વશ્રેષ્ઠ દાન છે. દ્વાદશી (બારશ) નાં શ્રાદ્ધથી રાષ્ટ્રનું કલ્યાણ તથા અન્નની પ્રાપ્તિ થાય છે. ત્રયોદશી (તેરશ) નું શ્રાદ્ધ સંતતિ, બુદ્ધિ, પશુ, ધારણાશક્તિ, સ્વતંત્રતા, ઉત્તમ પુષ્ટિ, દીર્ઘાયુ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવે છે. ચર્તુદશી (ચૌદશ) નું શ્રાદ્ધ જે ઘરમાં યુવાન લોકો મરી ગયા હોય તે બધા માટે કરવામાં આવે છે. હથિયારો દ્વારા જે મરાયા હો તેમના માટે પણ ચૌદશનું શ્રાદ્ધ કરવું જોઈએ. અમાવસ્યા (અમાસ) નું શ્રાદ્ધ સમસ્ત વિષમ ઉત્પન્ન થવાવાળા માટે એટલે કે ત્રણ છોકરીઓ પછી પુત્ર કે ત્રણ પુત્રો બાદ પુત્રી હોય તેમના માટે હોય છે. જોડીયા બાળ માટે બ્રાહ્મણોને ભોજન કરાવવું જોઈએ. તેમજ ચંદ્રમાને પણ તર્પણ આપવું જોઈએ. તેનું માહન ફળ છે.

જે આ પ્રકારે શ્રાદ્ધાદિક કર્મ પૂર્ણ કરે છે તે સર્વ મનોરથો પ્રાપ્ત કરે છે અને અનંતકાળ સુધી સ્વર્ગનો ઉપભોગ કરે છે. તથા નક્ષત્ર પિતૃઓને ઈચ્છિત સિદ્ધિ આપનાર છે. તેથી મઘા નક્ષત્રમાં કરવામાં આવેલું શ્રાદ્ધ અક્ષય કહેવામાં આવ્યું છે. પિતૃગણ હંમેશા તેને અધિક પસંદ કરે છે.

બૃહસ્પતિએ કહ્યું : શ્રાદ્ધ વિષયક ચર્ચા તેમ જ તેની

વિધિઓને સાંભળીને જે મનુષ્ય દોષદ્રષ્ટિથી જોઈને તેમાં અશ્રદ્ધા કરે છે તે નાસ્તિક ચારે બાજુ અંધકારથી ઘેરાઈને ઘોર નરકમાં પડે છે. યોગનો દ્વેષ કરનાર જ્યાં સુધી પૃથ્વીની ઉપસ્થિતિ રહે છે. ત્યાં સુધી સમુદ્રમાં જંતુ બનીને રહે છે. ભૂલથી પણ યોગીઓની નિંદા ક્યારેય કરવી જોઈએ નહિં. કારણ કે યોગીઓની નિંદા કરવાથી સમુદ્રમાં કૃમિ બનીને જન્મ લેવો પડે છે. યોગપરાયણ યોગેશ્વરોની નિંદા કરવાથી મનુષ્ય ચારે બાજુ અંધકારથી આચ્છાદિત, અત્યંત ઘોર નરકમાં નિશ્ચિતપણે જાય છે. આત્માને વશમાં રાખવાવાળા યોગેશ્વરની નિંદા જે મનુષ્ય સાંભળે છે તે ચિરકાળ પર્યંત કુંભીપાક નરકમાં નિવાસ કરે છે. તેમાં જરા પણ સંદેહ નથી. યોગીઓ પ્રતિ દ્વેષની ભાવના, મન, વાણી અને કર્મથી હંમેશા વર્જિત રાખવી જોઈએ. મન, વચન, અને કર્મથી યોગીઓ પ્રતિ દ્વેષ ન કરવો જોઈએ.

વાછરડું જેમ ગૌચરમાં (ગાયોને ચરવાની જગ્યામાં) સેંકડો ગાયોમાં છુપાયેલી પોતાની માને શોધી લે છે. તેમ મંત્ર જીવ જ્યાં અવસ્થિત હોય છે ત્યાં શ્રાદ્ધકર્મમાં આપેલા પદાર્થોને પહોંચાડી દે છે.

પિતૃઓનું નામ, ગોત્ર અને મંત્ર શ્રાદ્ધમાં આપવામાં આવેલા અન્નને પિતૃઓની પાસે લઈ જાય છે. ભલે તેઓ સેંકડો યોનિઓમા કેમ ન ગયા હોય. પરંતુ શ્રાદ્ધના અન્નાદિથી તેની તૃપ્તિ થાય છે. પરમેષ્ઠી બ્રહ્માએ આ પ્રકારે શ્રાદ્ધની મર્યાદા સ્થિર કરી છે, નક્કી કરી છે.

જે મનુષ્ય આ શ્રાદ્ધનાં માહાત્મ્યનું દરરોજ શ્રદ્ધાભાવથી, ક્રોધને વશ કરીને, લોભ વગેરેથી રહિત થઇને શ્રવણ કરે છે તે અનંતકાળ સુધી સ્વર્ગ ભોગવે છે, બધાં તીર્થો અને દાનોનું ફળ પ્રાપ્ત કરે છે. આ મોતનો સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. સ્વર્ગપ્રાપ્તિ માટે આનાથી સરળ શ્રેષ્ઠ ઉપાય બીજો કોઇ નથી. સ્વર્ગપ્રાપ્તિ માટે આનાથી સરળ શ્રેષ્ઠ ઉપાય બીજો કોઇ નથી. આળસ રહિત થઇને પર્વ-સંધિઓમાં જે મનુષ્ય આ શ્રાદ્ધવિધિનો પાઠ સાવધાનીપૂર્વક કરે છે તે પરમ તેજસ્વી મનુષ્ય સંતતિવાન થાય છે અને દેવતાઓ સમાન તેને પવિત્ર લોકની પ્રાપ્તિ થાય છે. જે અજન્મા ભગવાન સ્વયંભૂએ (બ્રહ્માએ) શ્રાદ્ધની પવિત્ર વિધિ બતાવી છે. તેને અમે નમસ્કાર કરીએ છીએ. મહાન યોગેશ્વરોનાં ચરણોમાં અમે સદા પ્રણામ કરીએછીએ.

(વાયુપુરાણ : અ. ૭૧ થી ૮૧ નો સંક્ષેપ)

●●●

જેવી રીતે અહીંથી મોકલેલા રૂપિયા લંડનમાં પાઉન્ડ, અમેરિકામાં ડોલર અને જાપાનનાં યેન બની જાય છે એવી જ રીતે પિતૃઓ પ્રતિ કરવામાં આવેલાં શ્રાદ્ધનું અન્ન, શ્રાદ્ધકર્મનું ફળ, આપણા પિતૃઓ જ્યાં હોય, જેવા હોય તેમને અનુરૂપ તેમને મળી જાય છે. તેનાથી સંતુષ્ટ થઇને તેઓ શ્રાદ્ધકર્તાનાં કુળમાં કુલીન સંતાન અને સુખ-સંતોષ પ્રદાન કરે છે.

ટેલીફોન અને દૂરદર્શન જેવાં યંત્રો હજારો કિલોમીટરનું

અંતર દૂર કરે છે એ પ્રત્યક્ષ છે. આ યંત્રો કરતાં પણ મંત્રોનો પ્રભાવ ઘણો વધારે હોય છે.

ભગવાન રામચંદ્રજી શ્રાદ્ધ કરતા હતા. પૈઠણના મહાન આત્મજ્ઞાની સંત થઇ ગયા શ્રી એકનાથજી મહારાજ. પૈઠણના નિંદક બ્રાહ્મણોએ એકનાથજીને જ્ઞાતિ બહાર મૂકી દીધા અને તેમના શ્રાદ્ધનો બહિષ્કાર કર્યો. એ યોગસંપન્ન એકનાથજીએ બ્રાહ્મણોના તેમજ પોતાના પિતર, દાદા, પરદાદા જે પિતૃલોકમાં રહેતા હતા, તેમને બોલાવીને ભોજન કરાવ્યું. આ જોઇને પૈઠણના બ્રાહ્મણો ચકિત થઇ ગયા અને તેમની પાસે અપરાધોની ક્ષમા માંગી.

દેવલોક અને પિતૃલોકનું આયુષ્ય માનવીય હજારો વરસો કરતાં વધારે હોય છે.

શ્રાદ્ધપર્વનું વર્ણન મહાભારતના ચોથા ખંડ, સ્ત્રીપર્વમાં છવ્વીસમાં અધ્યાયમાં તથા શ્રાદ્ધકલ્પનું સવિસ્તાર વર્ણન વાયુપુરાણના ૭૧ થી ૮૧ માં અધ્યાય સુધી તેમજ મત્સ્યપુરાણમાં પણ શ્રાદ્ધકલ્પ અને પિતૃગાથા વર્ણનમાં આવે છે.

આથી પિતૃઓ તેમજ પિતૃલોકને માનીને તેનો લાભ લેવો જોઇએ અને શ્રાદ્ધ કરવું જોઇએ.

જે કુટુંબમાં કોઇ દિવસે કોઇનું મૃત્યુ ન થયું હોય તેમના માટે પ્રશ્ન નથી પરંતુ જેમના કુટુંબમાં મૃત્યુ થયું હોય, થતું હોય અને થવાનું હોય તે બધાં કુટુંબોમાં આ પાવન પુસ્તિકા પહોંચાડવાનું પુણ્ય કાર્ય કરવું જોઇએ, તેમને આ પુસ્તિકા અવશ્ય આપી જોઇએ અથવા અપાવવી જોઇએ. સુખી લોકોએ આ પુસ્તિકાની લ્હાણી કરીને મહાપુણ્યના ભાગી થવું જોઇએ.

આજે આપણે સૌ ભેગા મળી પ્રાર્થના કિર્તન કર્યું છે. જેનું પુણ્ય ફળ સૌ સદ્દગતને અર્પીએ. જેથી એમનો આત્મા દિવ્ય ધામોની યાત્રા પૂર્ણ કરી પરમાત્મામાં લીન બને જેના માટે આપણે સૌ સદ્દગતને અંજલિ અર્પીશું. બે મિનીટ સૌ મૌન પાળીશું.

સદ્દગતને અંજલિ...

બે મિનિટ મૌન

• સદ્દગતને અંજલિ •

ગયેલા આત્માને મન હૃદયથી આપજો શાંતિ પૂરી,
બધી રીતે એનુ પ્રભુ ! કરજો સર્વ કલ્યાણ શ્રીજી !
બધા ભૂતો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને સહુ, તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.

મધુરમાં મધુર નામ

મધુરં મધુરે ભ્યોપિ મંગલે ભ્યોપિ મંગલમ્ ।
પાવનં પાવને ભ્યોપિ હરે નામૈવ કેવલમ્ ॥ ૧ ॥

કેવળ હરિનું નામ જ મધુરથી પણ મધુર છે. મંગળથી પણ મંગળ છે અને પાવનથી પણ પાવન છે (૩)

નિઃશ્વાસે નહિ વિશ્વાસ કદા રૂદ્રો ભવિષ્યતિ ।
કિર્તનીયમતો બાલ્યા દ્ધરે નાર્મેવ કૈવલમ્ ॥૨॥

શ્વાસનો કોઇ ભરોસો નથી, ક્યારે બંધ થઇ જાય. માટે બાલ્યાવસ્થાથી જ કેવળ હરિનામનું કીર્તન કરવું જોઇએ. (૨)

સ ગુરુઃ સ પિતા ચાપિ સ માતા બાન્ધવો અપિ સઃ ।
શિક્ષયેચ્ચેત્સદા સ્મર્તુ હરે ર્નામૈવ કેવલમ્ ॥૩॥

જેઓ હંમેશા કેવળ હરિનામનું સ્મરણ કરવાનું શીખવે છે તેઓ જ ગુરુ છે. તેઓ જ પિતા છે, તેઓ જ માતા છે અને બંધુ પણ તેઓ જ છે.

દુર્લભો માનુષો દેહો દેહીનાં ક્ષણભંગુરઃ ।
તત્રાપિ દુર્લભં મન્યે વૈકુંઠપ્રિય દર્શનમ્ ॥૪॥

માનવ દેહ મળવો દુર્લભ છે. મળી જાય તો એ ક્ષણભંગુર છે. આવા ક્ષણભંગુર માનવ દેહમાં પણ ભગવાનના પ્રિય સંતજનોનાં દર્શન તો એથી પણ વધારે દુર્લભ છે. (૪)

નાહં વસામિ વૈકુંઠે યોગીનાં હૃદયે ન વૈ ।
મદ્દભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ॥૫॥

હે નારદ ! ક્યારેક હું વૈકુંઠમાં પણ રહેતો નથી, યોગીઓના હૃદયનું પણ ઉલ્લંઘન કરી જાઉં છું પરંતુ જયાં મારા ભક્તો કીર્તન કરે છે ત્યાં હું અવશ્ય રહું છું (૫)

આરતી

જ્યોત સે જ્યોત જગાવો સદ્દગુરુ જ્યોતસે જ્યોત જગાવો.
મેરા અંતર તિમિર મિટાવો સદ્દગુરુ જ્યોતસે જ્યોત જગાવો.

હે યોગેશ્વર હે પરમેશ્વર, હે જ્ઞાનેશ્વર હે સર્વેશ્વર (૨)
નીજ કૃપા બરસાવો સદ્દગુરુ જ્યોતસે જ્યોત જગાવો... મેરા...
અંતર તિમિર મિટાવો સદ્દગુરુ જ્યોતસે જ્યોત જગાવો.

હમ બાલક તેરે દ્વાર પે આયે (૨)
મંગલ દરશ દિખાઓ સદ્દગુરૂ જ્યોતસે જ્યોત... મેરા...

શીશ ઝુકાય કરે તેરી આરતી (૨)
પ્રેમ સુધા બરસાવો સદ્દગુરુ જ્યોત... મેરા...

અંતરમે યુગ યુગસે સોઇ (૨)
ચિત્ત શક્તિ કો જગાવો... સદ્દગુરૂ... જ્યોત... મેરા

સાચી જ્યોત જગે જો હૃદયે મેં (૨)
સોહમ્ નાદ જગાવો... સદ્દગુરૂ... જ્યોત... મેરા...

જીવનમેં શ્રીરામ અવિનાશી (૨)
ચરનન શરન લગાવો... સદ્દગુરૂ... જ્યોત ... મેરા...
જ્યોતસે જ્યોત જગાવો સદ્દગુરુ જ્યોતસે જ્યોત જગાવો મેરા
અંતર તિમિર મિટાવો... સદ્દગુરુ જ્યોતસે જ્યોત જગાવો.

આરતી

ૐ જય જગદીશ હરે પ્રભુ જય જગદીશ હરે (૨)
ભકત જનો કે સંકટ (૨) ક્ષણ મેં દુર કરે..... ઓમ જય

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ બિનસે મનકા... પ્રભુ (૨)
સુખ સંપતિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા... ઓમ જય

માત પિતા તુમ મેરે, શરણ ગ્રહું કિસીકી ...... પ્રભુ (૨)
તુમ બીન ઓર ન દુજા (૨) આસ કરૂં જિસકી... ઓમ જય

તુમ પૂરણ પરમાત્મા, તુમ અંતરયામી..... પ્રભુ (૨)
પરબ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી... ઓમ જય

તુમ કરૂણા કે સાગર, તુમ પાલન કર્તા ..... પ્રભુ (૨)
મેં સેવક તુમ સ્વામી (૨) કૃપા કરો ભર્તા..... ઓમ જય

તુમ હો એક અગોચર સબકે પ્રાણપતિ..... પ્રભુ (૨)
કિસ બિધ મિલૂ દયામય (૨) તુમકો મૈં કુમતિ... ઓમ જય

દીન બંધુ દુઃખ હર્તા તુમ રક્ષક મેરે..... પ્રભુ (૨)
કરૂણા હસ્ત બઢાઓ (૨) શરણ પડા તેરે..... ઓમ જય

વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા..... પ્રભુ (૨)
શ્રદ્ધા ભક્તિ બઢાઓ (૨) સન્તનકી સેવા....... ઓમ જય

શ્લોક

- ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદંઃ પૂર્ણાત પૂર્ણ મુદચ્ય તે।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણ મેવા વશિષ્યતે॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

•

- ૐ અસતોમા સદ્ગમય। તમસો મા જ્યોતિર્ગમય।
મૃત્યોમાં અમૃતગમય। આવીરાવીર્મ એધિ।
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

•

- ૐ સહનાવવતુ સહનૌ ભુનક્તુ, સહ વીર્યં કરવા વહૈ।
તૈજસ્વિનાવધીતમસ્તુ મા વિદ્વિષા વહૈ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

•

- સર્વેત્ર સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, માકશ્ચિદ દુઃખમાપ્નુનાત્।

•

સર્વ સ્તરતુ દુર્ગાણિ, સર્વો ભદ્રાણિ પશ્યતુ।
સર્વ સદ્બુદ્ધિ માપ્નોતુ, સર્વ સર્વસ્તુ નંદતુ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

•

હમ સબ અપની અપની સંકિર્ણતાસે બહાર આયે.
હમ સબ મંગલ મય દેખે, હમ સબકો સદ્બુદ્ધિ પ્રાપ્ત હો.
હમ સબ એક દૂસરે કો મદદરૂપ બને.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ